# 4 રાજપૂત યુગ

પરિમલ આજે ટી.વી. ઉપર ઐતિહાસિક સિરિયલ જોતો હતો. જેમાં એક મહેલનું દૃશ્ય હતું. પરિમલને મનમાં એક પ્રશ્ન થયો. આવા મહેલો તો આજે પણ મોજૂદ છે. આ મહેલો કોણે બનાવ્યા હશે ? આવા અનેક પ્રશ્નોના ઉત્તર માટે એ દાદા પાસે ગયો. દાદાએ તેને નીચે મુજબની માહિતી આપી.



4.1 મહેલનું ચિત્ર

પહેલાંના સમયમાં આવા મહેલો રાજાઓ બનાવતા હતા. આવા મહેલો પૈકીના કેટલાક મહેલો સારી સ્થિતિમાં અને કેટલાક મહેલોના અવશેષો આજે પણ જોવા મળે છે. આજના ભવ્ય મહાલયોની બાંધણી અને પહેલાંની બાંધણી વચ્ચે તફાવત હોય છે. આ તફાવતના કારણે કયું બાંધકામ કયા સમયકાળનું છે તે જાણી શકાય છે. રાજપૂતકાળ દરમિયાન બંધાયેલાં સ્થાપત્યો આજે પણ છે. તેના વિશે જાણવા ભારતના રાજ્યવંશો વિશે માહિતી મેળવવી રહી. ચાલો, આપણે ભારતના મુખ્ય રાજ્યવંશો વિશે જાણકારી મેળવીએ.

## નવા રાજવંશોનો ઉદય :

સમ્રાટ હર્ષવર્ધનના અવસાન (ઈસુની સાતમી સદીનો મધ્ય ભાગ) બાદ શાસનવ્યવસ્થાના એક ભાગ તરીકે કામ કરતા સામંતો, સરદારો સ્વતંત્ર થવા હલચલ કરવા લાગ્યા. આ સામંતો અને સરદારો સ્વતંત્ર શાસકો બની ગયા, જે અલગ અલગ રાજ્યવંશોના નામે ઓળખાયા.

**વિચારો**

નકશામાં દેખાતાં રાજ્યો આજે કયા નામે ઓળખાય છે ? તે રાજપૂત યુગના કયા રાજ્યમાં આવેલાં છે ? તે વખતના કયા રાજ્યવંશોના વિસ્તારમાં તમારો હાલનો વિસ્તાર આવતો હતો ?




4.2 રાજપૂત યુગનું ભારત

**આટલું જાણો**

### સામંત એટલે શું ?

વિશાળ સામ્રાજ્યને અલગઅલગ પ્રદેશમાં (ત્રણ ભાગમાં) વહેંચવામાં આવતો. જે-તે પ્રદેશની કરવસૂલી જેને સોંપવામાં આવતી તેને સામંત કહેવામાં આવતો. સામંત જે કર ઉઘરાવતો તેમાંથી અમુક હિસ્સો સમ્રાટને આપતો. બાકીનો પોતે રાખતો, જેમાંથી તે લશ્કર વિકસાવતો. પોતાના સમ્રાટને જ્યારે જરૂર પડતી ત્યારે તે લશ્કરની મદદ કરતો. સમય જતાં સામંતો શક્તિશાળી થતા ગયા, તેમાંથી 'સામંતશાહી' અસ્તિત્વમાં આવી.

સાતમી સદીના અંતમાં સમ્રાટ હર્ષના સામ્રાજ્યની રાજનૈતિક શક્તિની એકતા તૂટી. સામંતશાહી શક્તિઓનો ઉદય થયો અને ભારતવર્ષ અનેક નાના–મોટા ટુકડાઓમાં વહેંચાયો. દેશમાં અનેક રાજ્યવંશોનો ઉદય થયો. જેમાં ઉત્તર ભારતમાં ગુર્જર, પ્રતિહાર, પાલ, ચાલુક્ય, પરમાર, ચૌહાણ અને દક્ષિણ ભારતમાં પલ્લવ, રાષ્ટ્રકૂટ, કલ્યાણીના ચાલુક્યો, ચેર, પાંડ્ય અને ચોલ મુખ્ય શાસકો હતા.

આઠમીથી બારમી સદીના સમયકાળને પૂર્વ મધ્યકાળ કહે છે. પૂર્વ મધ્યકાળના મધ્યયુગીન શાસકોને બે ભાગમાં વહેંચવામાં આવે છે : (1) ઉત્તર ભારતનાં રાજ્યો (2) દક્ષિણ ભારતનાં રાજ્યો.

### ઉત્તર ભારત :



4.3 યશોવર્મા

હર્ષ પછી કનોજના જે રાજા થયા, તેમાં યશોવર્માની એક શક્તિશાળી શાસક તરીકે ગણના થાય છે. તેના પછીના સમયમાં કનોજમાં પ્રતિહાર વંશનું શાસન સ્થપાયું. આ પ્રતિહારોએ ભારતને આરબોના આક્રમણમાંથી બચાવ્યું હતું. આ વંશમાં મિહિરભોજ નામનો શક્તિશાળી શાસક થયો. આ પ્રતિહાર રાજા ઇતિહાસમાં ભોજ કે મિહિરભોજ તરીકે ઓળખાય છે. તેમના શાસન દરમિયાન તેમને રાષ્ટ્રકૂટો સાથે હંમેશાં લડાઈ થતી હતી. રાષ્ટ્રકૂટો વિશેની વિગત આપણે હવે પછી મેળવીશું.



4.4 રાજા ભોજ

માળવામાં પરમાર વંશનું શાસન ચાલતું હતું. ઉજ્જૈન અને ધારાનગરી માળવાનાં મુખ્ય શહેરો હતાં. આ ધારાનગરી એટલે વર્તમાન મધ્યપ્રદેશ રાજ્યનો ધાર જિલ્લો. પરમાર વંશના મુંજ અને ભોજ સારા શાસક તો હતા, સાથે સાથે કવિઓ પણ હતા. તેઓ રાજ્ય દરબારમાં વિદ્વાનોને આશ્રય આપતા. રાજા ભોજે તો ધારાનગરીને વિદ્યાનગરી બનાવવા અને સંસ્કૃત સાહિત્યના અભ્યાસ માટે ત્યાં વિદ્યાપીઠ સ્થાપી હતી. આ સમયમાં અનેક સ્થાપત્યો બન્યાં. પરમારો અને દક્ષિણના ચાલુક્યો વચ્ચે સતત લડાઈ ચાલ્યા કરતી. ભોજ પછી માળવાની સત્તા નબળી પડી.

બિહાર અને બંગાળામાં પાલ વંશ અને સેન વંશના શાસકો શાસન કરતા હતા. પાલ વંશના શાસકોના નામની પાછળ પાલ આવતું હોવાથી તે પાલ વંશના શાસક કહેવાય છે. તમારા શિક્ષકની અને પુસ્તકાલયની મદદથી પાલ વંશના શાસકો વિશે માહિતી મેળવો.

ચૌહાણ કે ચાહમાન વંશના અનેક રાજપૂત સરદારો રાજસ્થાનના વિવિધ ભાગોમાં ઈ.સ. સાતમી અને આઠમી સદીમાં રાજ્ય કરતા હતા, તેમાંથી એક શાખા આઠમી સદીના પ્રારંભમાં અજમેરની ઉત્તરે સાંભર સરોવર નજીક શાકંભરી નામના સ્થળે રાજ્ય કરતી હતી. બારમી સદીમાં અજયરાજ શાકંભરી ગાદીએ આવ્યો. તેણે અજયમેરુ નામના નગરની સ્થાપના કરી હતી, જે પાછળથી અજમેર નામે ઓળખાયું.

ચૌહાણ વંશના શાસકોએ તોમરની રાજધાની ઢિલક (દિલ્લી) ઉપર વિજય મેળવી રાજ્ય સ્થાપ્યું. આ વંશમાં પૃથ્વીરાજ ત્રીજો અથવા રાયપિથોરા નામનો પ્રતાપી રાજા થયો. જે ભારતના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. યુદ્ધના મેદાનમાં તેણે કરેલાં પરાક્રમો વીરકથા અને લોકગીતોનો વિષય બનેલા છે. ચંદબરદાઈ નામના વિખ્યાત કવિએ તેમના પ્રસિદ્ધ મહાકાવ્ય 'પૃથ્વીરાજ રાસો'માં પૃથ્વીરાજ ચૌહાણની વીરકથા આલેખી છે, પૃથ્વીરાજ ચૌહાણ અને શાહબુદ્દીન ઘોરી વચ્ચેના જંગની માહિતી હવે પછીના પ્રકરણમાં મેળવીશું.

મેવાડના ગોહિલ પુત્રો કે ગુહિલોત જે પાછળથી સિસોદિયા રાજપૂત નામે ઓળખાયા તે મધ્યકાલીન ઇતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે. બપ્પ રાવળ આ વંશના સ્થાપક હતા એવું કહેવામાં આવે છે. આ વંશમાં અનેક પ્રતાપી શાસકો થયા જેના વિશેની માહિતી હવે પછીનાં પ્રકરણોમાં મેળવીશું.

રાજપૂતકાળ દરમિયાન મધ્યપ્રદેશમાં નર્મદા નદીની દક્ષિણે જબલપુર આસપાસના પ્રદેશમાં ચેદીવંશના શાસકો રાજ્ય કરતા હતા, જે કલચૂરિઓનું ચેદી રાજ્ય તરીકે ઓળખાતું હતું. તેમની રાજધાની ત્રિપુટી (વર્તમાન તેવાર)માં હતી. મધ્યકાળમાં ગુજરાતમાં અણહિલવાડ પાટણમાં રાજપૂત વંશના ચાવડા વંશ અને પછી સોલંકી વંશનું શાસન હતું, જેના વિશેની માહિતી હવે પછીના પ્રકરણમાં મેળવીશું.

## દક્ષિણ ભારત

રાજપૂતકાળ દરમિયાન દક્ષિણ ભારતમાં ઘણાં નાનાં–મોટાં રાજ્યો સ્થપાયાં. પુલકેશી બીજાના અવસાન પછી તેના વિશાળ સામ્રાજ્યનો અંત આવ્યો અને ચાલુક્ય વંશ નાની નાની શાખાઓમાં વહેંચાઈ ગયો. ચાલુક્ય વંશમાં કેટલાક શાસકોનું શાસન નોંધપાત્ર હતું.

દક્ષિણ ભારતનાં રાજ્યોમાં પલ્લવ વંશ અને ચોલ વંશનો પણ સમાવેશ થાય છે. પલ્લવ વંશના રાજાઓમાં નરસિંહવર્માને શક્તિશાળી શાસક ગણવામાં આવે છે. પલ્લવ વંશના શાસનમાં અનેક બાંધકામો થયાં છે. કાંચીના કૈલાસનાથ મંદિરની તેમાં ગણના થાય છે. આ સમયના શાસકો સાહિત્ય અને કલાના પ્રેમી હતા.

પલ્લવ વંશની જેમ દક્ષિણમાં ચોલ વંશનું પણ શાસન હતું. તેમની રાજધાની તાંજોર હતી. ચોલ વંશના રાજાએ સિલોન (લંકા) ઉપર ચડાઈ કરી હતી અને તેનો કેટલોક ભાગ કબજે કર્યો હતો. ચોલ વંશના શાસકો પાસે શક્તિશાળી નૌકાદળ હતું; તેથી તેઓ દરિયાપારના દેશો પર ચડાઈ કરી શકતા. રાજરાજ પ્રથમે રાજ્યવહીવટની સુંદર વ્યવસ્થા કરી હતી. તેણે જમીન માપણીનો અને સ્થાનિક સ્વરાજનો આરંભ કર્યો હતો.

આ સિવાય દક્ષિણ ભારતમાં રાષ્ટ્રકૂટો, ચેરવંશ અને પાંડ્ય વંશના શાસકોએ શાસન કર્યું હતું. આમ, રાજપૂતકાળ દરમિયાન સમગ્ર ભારતમાં નાના–મોટા ભાગોમાં વિવિધ વંશો શાસન કરતા હતા. એકબીજાના પ્રદેશને જીતવા માટે તેમની વચ્ચે લડાઈ થતી. આ અંદરોઅંદરની લડાઈના કારણે તેઓ વચ્ચે સંપ ન હતો. જેનો બહારના આક્રમણકારોએ લાભ લીધો હતો. રાજપૂતકાળની શાસનવ્યવસ્થા અને તે સમયની સભ્યતા અને સંસ્કૃતિ વિશેની વિગત આપણે આગળના પ્રકરણમાં જોઈશું.

**આટલું જાણો**

### મધ્યયુગીન રાજપૂત વંશના શાસકો

- કશ્મીરમાં ઉત્પલ વંશના શાસકો રાજ્ય કરતા હતા.
- કામરૂપ (આસામ)માં સાલંભ, હર્જરવર્મા, વનમાલવર્મા જેવા શાસકોનું રાજ્ય હતું.
- પ્રતિહારોમાં નાગભટ્ટ પ્રથમ, દેવરાજ, મિહિરભોજ, મહેન્દ્રપાલ જેવા રાજાઓ થઈ ગયા.
- ગાંધારમાં શાહિયા વંશના શાસકો શાસન કરતા હતા.
- બુંદેલખંડમાં ચંદેલોનું શાસન હતું.
- શરૂઆતમાં ઢિલ્લક (દિલ્લી)માં તોમરોનું શાસન હતું.

સંદર્ભ : છોટુભાઈ નાયક : 'મધ્યયુગીન ભારત ભાગ-1' ગુજરાત યુનિવર્સિટી

આ સિવાય દક્ષિણ ભારતમાં રાષ્ટ્રકૂટોનું શાસન હતું. દક્ષિણમાં ચાલુક્ય વંશની પડતી થતા રાષ્ટ્રકૂટ વંશ સત્તા ઉપર આવ્યો હતો. રાષ્ટ્રકૂટનો અર્થ 'રાષ્ટ્ર' કે 'પ્રાંતનો વડો અધિકારી' એવો થાય છે. એમ માનવામાં આવે છે કે રાષ્ટ્રકૂટ વંશનો સ્થાપક એ જાતિનો કોઈ એક અધિકારી હતો અને તે ઉપરથી તેનું નામ રાષ્ટ્રકૂટ પડ્યું હશે. આ વંશમાં અનેક શાસકોમાં ગોવિંદ ત્રીજો નામનો શક્તિશાળી શાસક થયો હતો. તેણે આઠમી સદીમાં દખ્ખણમાં તેની સત્તા સર્વોપરી બનાવી હતી.

દક્ષિણમાં પાંડ્ય વંશના શાસકોનું રાજ્ય હતું. પાંડ્ય રાજ્ય અતિ પ્રાચીન માનવામાં આવે છે. મેગસ્થેનિસ નામના વિદેશી પ્રવાસીએ પાંડ્ય વંશના શાસકો વિશે લખ્યું છે કે, આ જાતિનું શાસન સ્ત્રીઓ કરતી હતી. અશોકના શિલાલેખમાં પાંડ્યનો ઉલ્લેખ જોવા મળે છે. તમિલનાડુમાં હાલ મદુરા અને તિરુનેલ્વેલિ જિલ્લા છે, ત્યાં પાંડ્ય રાજ્ય હતું. દક્ષિણમાં ચેર વંશનું શાસન હતું. ચેરનું બીજું નામ કેરલ છે. અગાઉના સમયમાં ચેર અથવા કેરલ તમિલ પ્રદેશનો એક ભાગ હતો. પાછળથી તેમાંથી મલયાલમ અથવા કેરલ પ્રદેશ છૂટો પડ્યો. અશોકના અભિલેખમાં 'કેપ્લપુત્ર રાજ્ય' એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ વંશમાં અથન બીજો ચેર રાજ્યનો પ્રથમ શક્તિશાળી શાસક હતો. આ વંશમાં સેત્તુંગવન નામે શક્તિશાળી શાસક થયો હતો.

**વિચારો**

- દક્ષિણ ભારતના કેટલાક શાસકોને નૌકા સૈન્ય શા માટે રાખવું પડ્યું હતું ?
- જૂનાં સ્થાપત્યોને કેમ સાચવવામાં આવે છે ?
- પહેલાંના સમયમાં મંદિરોની જેમ જ કૂવા, તળાવ, વાવ જેવાં સ્થાપત્યોનું બાંધકામ કેમ કરવામાં આવતું ?

આટલું જાણો

**મધ્યકાલીન દક્ષિણના રાજ્યવંશો**

- વાતાપી (બદામી)માં ચાલુક્યોનું શાસન હતું.
- માન્યખેટમાં રાષ્ટ્રકૂટોનું શાસન હતું.
- દ્વારસમુદ્રમાં હોયસલો વંશના શાસકોનું રાજ્ય હતું.
- દેવગિરિમાં યાદવોનું શાસન હતું.
- તાંજોરમાં ચોલ વંશનું શાસન હતું.

(સંદર્ભ : છોટુભાઈ નાયક : 'મધ્યયુગીન ભારત-ભાગ-1', ગુજરાત યુનિવર્સિટી)

**રાજપૂત શાસકોનું ખમીર :**

રાજપૂતો બહાદુર હતા. રાષ્ટ્ર માટે શહીદ થવું તેને તેઓ ગૌરવ ગણતા. રણભૂમિમાં પીઠ બતાવતાં પહેલાં તેઓ મૃત્યુને (કેસરિયા કરવાનું) પસંદ કરતાં. મરવું પણ ડરવું નહિ, શરણે આવે તેનું કોઈ પણ ભોગે રક્ષણ કરવું, સત્ય બોલવું અને સત્ય માટે લડી લેવું એ એમના ખાસ ગુણો હતા. રાજપૂતાણીઓ એમના સતીત્વ અને નીડરતા માટે મશહૂર હતી. તેઓ હસતા મુખે પતિ, પુત્ર કે ભાઈને રણમેદાનમાં વિદાય આપતી. આ એ જ વીરાંગનાઓ હતી, જે જરૂર પડે ત્યારે હાથમાં તલવાર લઈને રણમેદાને નીકળી પડતી અને પોતાનો પતિ હારી જતાં કે વીરગતિ પામતાં મોટે ભાગે જૌહર (આગમાં બળી મરવું)ને વધુ પસંદ કરતી. રાજપૂત યુગની આવી વીરતાભરી ગાથાઓ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે કંડારાયેલી છે.

## સ્વાધ્યાય

1. 'સામંત' કોને કહેવાય ?
2. પલ્લવ વંશમાં કયો શક્તિશાળી રાજા થઈ ગયેલો ? તેની કોઈ પણ બે સિદ્ધિઓ આલેખો.
3. પૂર્વ મધ્યયુગ એટલે કયો સમય ?
4. મધ્યયુગના રાજપૂતો અને રાજપૂતાણીઓની વિશિષ્ટતાઓ વર્ણવો.

## પ્રૉજેક્ટ

પૂર્વ મધ્યયુગીન ભારતના કોઈ પણ એક રાજા વિશે માહિતી મેળવીને લખો.

આટલું જાણો

- **રાણકી વાવ :** અજાયબી સમાન સાત માળની રાણકી વાવ આજે પણ પાટણમાં છે. ભીમદેવ પહેલાની રાણી ઉદયમતીએ તેનું બાંધકામ કરાવેલ હતું. શિલ્પ-સ્થાપત્યનો તે અજોડ નમૂનો છે.
- વસ્તુપાળ અને તેજપાળે આબુ પર્વત પર બંધાવેલ દેલવાડાનાં જૈન દેરાસરોમાં સ્તંભો, કમાનો, ઘુમ્મટો, ગોખની તમામ જગ્યાએ કુશળ શિલ્પીઓએ આરસમાં ઝીણામાં ઝીણી કોતરણી–નકશીકામ કરેલ છે.
- વસ્તુપાળ અને તેજપાળ ધોળકાના રાણા વીરધવલના મંત્રીઓ હતા.
- વસ્તુપાળે ગિરનાર, પાલિતાણા, શેરથા અને ડભોઈ વગેરે સ્થળોએ પણ જૈન મંદિરો બંધાવ્યા હતાં.